સરકારી શાળાઓમાં અનિયમિત શિક્ષકો માટે માઠા સમાચાર

# ઉત્તર ગુજરાતના ૩૯ હજાર પ્રાથમિક શિક્ષકોની ચહેરાથી હાજરી પુરાશે

## સમગ્ર રાજ્યમાં નવી સીસ્ટમ લાગુ કરવા શિક્ષણ વિભાગમાં તડ્ડો તૈયાર

બાયડ, તા.૧

સરકારી પ્રાથમિક શાળાઓમાં અનિયમિત રહેતા શિક્ષકોએ આગામી સમયમાં હવે હાજરી માટે ફરજીયાત થવું પડશે. કારણ કે રાજ્ય સહિત ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાના સરકારી પ્રા.શાળાના શિક્ષકોની(થમ્બ વિથ કેઈસ) ચહેરાથી હાજરી પૂરવા માટે શિક્ષણ વિભાગે મુદ્દો વિચારણામાં લીધો છે. જો આ સંભવ બનશે તો ઉત્તર ગુજરાતની ૫૨૦ સરકારી પ્રા.શાળાના ૩૮,૯૪૭ શિક્ષકોની ચહેરાથી હાજરી પુરાશે અને અનિયમિત શિક્ષકોને નિયમિત શાળામાં આવ્યા વગર બીજો કોઈ વિકલ્પ રહેશે નહીં. મોટાભાગના શિક્ષકોએ પણ આ પ્રકારના નિર્ણયને આવકારી શકે છે.

શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાઓમાં શિક્ષણને વધુ ગુણવત્તાસભર બનાવવા માટે અજમાયીશી ધોરણે કેટલાક પ્રયોગો શરુ કરવામાં આવ્યા છે. હવે શિક્ષકોની હાજરી ચહેરાની ઓળખ દ્વારા પૂરવામાં આવે તેવી સીસ્ટમ લાગુ કરવા માટે બેઠકોનો દોર શિક્ષણ વિભાગમાં શરુ કરવામાં આવ્યો છે. રાજ્ય સહિત સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો અનિયમિત હોવાની સમયાંતરે ફરિયાદો સાંભળવા મળતી હોય છે. ઉંડાણના ગામડાઓમાં શિક્ષકોની સમયસર હાજરી શાળામાં રહેતી ન હોવાની વ્યાપક ફરિયાદો પછી હવે નવી વ્યવસ્થા ગોઠવાઈ રહી છે. શિક્ષકોની શાળામાં નિયમિતતા વધે અને શાળામાં પૂરતો સમય આપે તે માટે ચહેરાની ઓળખ દ્વારા હવે હાજરી પૂરવાની હિલચાલ તેજ બની છે. સેલ્ફીની જેમ મોબાઈલ કે અન્ય સીસ્ટમથી ચહેરાની ઓળખ કરવામાં આવશે અને પછી નિયત સોફ્ટવેરમાં શિક્ષકોની હાજરી પુરાઈ જશે તે સમયે જેમાં સમય અને લોકેશન પણ નોંધાઈ જશે. મોબાઈલ એપ અથવા તો શાળામાં કોમ્પ્યુટર છે ત્યાં આપેલા કેમેરાની મદદથી હાજરી ભરવામાં આવશે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં પણ આ પ્રકારે શિક્ષકોની હાજરી લેવાઈ રહી છે પરંતુ હવે સરકાર દ્વારા શિક્ષણનું સ્તર સુધારવા માટે તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં આ સીસ્ટમ લાગુ કરવા માટે તૈયારીઓ પૂર્ણ થયાની વિગતો બહાર આવી છે.

**૫ સપ્ટેમ્બર શિક્ષક દિનના દિવસે નવી વ્યવસ્થા શરુ થવાની શક્યતા**

સરકારી પ્રાથમિક શાળાઓમાં ચહેરાની ઓળખ દ્વારા શિક્ષકોની હાજરી પૂરવાનો તો તૈયાર થઈ રહ્યો છે. ગાંધીનગરની કેટલીક શાળાઓમાં પ્રાયોગિક તબક્કો પૂર્ણ થયા પછી હવે રાજ્યની અન્ય તમામ પ્રાથમિક શાળાઓમાં પણ આ નવી વ્યવસ્થા ટૂંકમાં શરુ થઈ શકે છે જેમાં ૫ સપ્ટેમ્બર શિક્ષક દિનના દિવસે ચહેરા થકી શિક્ષકોની હાજરી પૂરવાનું શરુ કરાય તેવી ધારણા છે.

**ઈન્ટરનેટ વગર હાજરી પુરાશે**

અંતરીયાળ વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં ઈન્ટરનેટની વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે પરંતુ કોઈ જગ્યાએ નેટ પ્રોબ્લમ હશે તો પણ તેનું નિરાકરણ લાવી નેટ વગર હાજરી પૂરાશે અને જ્યારે નેટ ઉપલબ્ધ થાય ત્યારે તેમાં હાજરી સેવ થઈ જશે તેવી વ્યવસ્થા ઉભી કરાયાનું ચર્ચાઈ રહ્યું છે.



વૃક્ષો વાવો અને હરીયાળી લાવો એ નેમ સાથે હિંમતનગરમાં હસ્તીનાપુર સોસાયટીમાં સીનીયર સીટીઝન ગૃપ ના દેવકરણ ભાઈ, પ્રવિણ ભાઈ, મુકેશ ભાઈ, સોમા ભાઈ, યોગેશ ભાઈ ભટ્ટ, અરવિંદભાઈ, શીવાભાઈ વગેરે વડિલો એ સરકારી નર્સરીમાંથી વૃક્ષો લાવીને ૫૦ છોડ લાવીને વાવવામાં આવેલ છે અને ગાર્ડનને હરિયાળો બનાવવાનું નક્કી કરેલ છે.

# પોશીનામાં મોસમનો સૌથી વધુ ૧૪ ઈંચ, મેઘરજમાં સૌથી ઓછો ૨ ઈંચ વરસાદ

## જિલ્લામાં અડધાથી સાડા ચાર ઈંચ વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી : બફારામાં પીસાતી પ્રજાને ૨૫ ડિગ્રી તાપમાનથી હિલસ્ટેશન જેવો અનુભવ

બાયડ, તા.૧

નિયમિત ચોમાસાએ જિલ્લાના અનેક વિસ્તારોમાં અપાર હેત વરસાવતાં પાછલા ૨૪ કલાક દરમ્યાન ૧૪ પૈકી ૧૩ તાલુકાઓમાં અડધા થી સાડા ચાર ઈંચ વરસાદ વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. શુક્રવાર સવાર સુધી અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યા પછી સવારે ૯-૦૦ કલાક પછી ઉઘાડ નિકળતાં બજારોમાં ખરીદી માટે હલચલ જોવા મળી. વરસાદી માહોલના કારણે બફારામાં પીસાતી પ્રજાને મહત્તમ તાપમાનનો પારો ગગડીને ૨૫ ડિગ્રીએ પહોંચતાં હિલસ્ટેશન જેવી ઠંડકનો અનુભવ થયો હતો. જિલ્લાનો મોટાભાગનો વિસ્તાર જળતરબોળ બન્યો છે ત્યારે પોશીના તાલુકામાં મોસમનો સૌથી વધારે ૧૪ ઈંચ અને મેઘરજમાં સૌથી ઓછો ૨ ઈંચ વરસાદ નોંધાયો છે. મળતી જાણકારી અનુસાર રાજ્યમાં નિયમિત ચોમાસાનું આગમન થયા પછી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વરસાદમાં થઈ રહેલા વિલંબથી ધરતીપુત્રોની ચિંતા વધી હતી. જ્યારે સાબરકાંઠા કરતાં અરવલ્લીના - તાલુકામાં ઉત્તર ગુજરાતના અન્ય તાલુકાની સરખામણીએ ઓછા વરસાદના કારણે વહીવટી તંત્ર પણ ચિંતિત હતું પરંતુ ગત રોજથી મધ્યપ્રદેશ અને મધ્ય ગુજરાતમાંથી નિયમિત ચોમાસાએ ધમાકેદાર એન્ટ્રી લઈને અનેક વિસ્તારોમાં ડરામણા વિજ કડાકા-ભડાકા સાથે સૂપડાધાર તો ક્યાંક ઝરમરીયો વરસાદ શરુ થયો હતો. પાછલા ૨૪ કલાક દરમ્યાન અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસતાં ખેતરો તેમજ માર્ગો બેટમાં ફેરવાયા હતા. નિચાણવાળા વિસ્તારોમાં વરસાદ થંભી ગયા પણ પાણી ન ઓસરતાં સ્થાનિક તંત્ર ઉપર લોકરોષ જોવા મળ્યો છે. વરસાદ થંભી ગયા પછી બજારમાં ખાતર, બિયારણ તેમજ પ્લાસ્ટીક અને તાડપત્રી ખરીદવા માટે લોકોની ભીડ જોવા મળી. બાયડ,



માલપુર, ધનસુરા, તલોદ સહિતના તાલુકાઓમાં મેઘરાજાની તોફાની ઈનિંગના કારણે કાચા મકાનમાં અનેક પરિવારોની ઘરવખરી ભીંજાઈ ગયાનું જાણવા મળ્યું છે.

# અમિતભાઈ ચાવડાની અધ્યક્ષતામાં કોંગ્રેસ પાર્ટીનો જનમંચ કાર્યક્રમ યોજાયો

તલોદ, તા. ૧

પ્રાંતિજ અને તલોદ ની જનતાની વાતો મંચ પર સાંભળવામાં આવી. આમ જનતાને ચાલુ સરકારથી પડતી મુશ્કેલીઓની વાચાને ગુજરાત સરકારની વિધાનસભા સુધી પડતી સમસ્યાઓનું નિરાકરણ આવે તે માટે રજૂઆત કરવામાં આવશે. પ્રાંતિજ અને તલોદના નગરજનોને પડતી પાલિકા ની સમસ્યાઓ જે વી કે ગટર, પાણી, પાકા રસ્તા, પ્લોટ, સફાઈ, જમીન ના પ્રશ્નો, વીજ જોડાણ, જરૂરિયાત મંદ ચીજવસ્તુઓ, સસ્તા અનાજની દુકાનોની હેરાનગતિ, વગેરે જેવા કામો થી વંચિત રહેલા જનતાનો અવાજ શંભળવામાં આવ્યો. ડગલે પગલે વધતી મોંઘવારી, બીજી બધી સમસ્યાઓથી વેઠવી પડતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા માટે કોંગ્રેસ સરકાર દ્વારા રજૂઆત કરવામાં આવશે અને આ રજૂઆતોનું નિરાકરણ નહીં આવે તો આંદોલનની ચીમકી આપવામાં આવી છે. આ જન મંચ કાર્યક્રમ માં મહિલાઓ, યુવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા અને ચાલુ સરકાર વિરુદ્ધ પડતી મુશ્કેલીઓનું કોંગ્રેસ પક્ષના કાર્યકરોને પોતાની વાચા શંભ રાવી હતી. આ પ્રસંગે વિરોધ પક્ષના નેતા અમિતભાઈ ચાવડા, જગદીશભાઈ ઠાકોર, જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા પ્રભાતસિંહ સોલંકી, પૂર્વ પ્રમુખ ભગવતસિંહ ઝાલા, તલોદ પ્રમુખ કિરણ સિંહ ઝાલા, રંગુસિંહ સોલંકી અને પ્રાંતિજ તલોદના કોંગ્રેસના કાર્યકરો તેમજ આગેવાનો હાજર રહ્યા હતાં.




# ટીંટોઈ ગામે નાની કુંવારિકાઓએ જવારા ઉગાડીને ગૌરી વ્રતનું પૂજન કર્યું

મોડાસા, તા. ૧



અષાઢ મહિનો એટલે તો વ્રત,તપ અને જપનો મહિનો. અષાઢ મહિનાની અગિયારસ થી ગૌરીવ્રતનો પ્રારંભ થાય છે. જ્યારે, અષાઢ સુદ તેરસથી થાય છે જયા પાર્વતી વ્રતની શરૂઆત. ગૌરીવ્રત કુમારિકાઓ, જ્યારે જયા પાર્વતી વ્રત કુમારિકાઓ અને સૌભાગ્યવંતી નારીઓ બંન્ને કરે છે. માન્યતા એવી છે કે આ વ્રતના પ્રભાવથી કુંવારી કન્યાને મનગમતા વરની પ્રાપ્તિ થાય છે. તો સૌભાગ્યવંતી નારીઓને અખંડ સૌભાગ્યના આશીર્વાદ તેમજ સ્વસ્થ સંતતિનું સુખ પ્રાપ્ત થાય છે. અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ટીંટોઈ ગામની કુવારિકા બાળાઓ દ્વારા ગૌરીવ્રતનો તેરસ થી જવારા ઉગાડીને પૂજા કરી વ્રતનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.ટીંટોઈ ગ્રામ્ય વિસ્તારમાં બાળકીઓ અને કુમારીકાઓએ જવારા વાવી ગોરના વ્રતનું પૂજન કર્યું હતું.જે પાંચમાં દિવસે પૂર્ણ થશે.બાળકીઓએ ઉપવાસ કરી મંદિરમાં પૂજન કરી ભગવાનના આશીર્વાદ લીધા હતા.


# તલોદ ખાતે દેસાઈનગર વિસ્તારમાં નવનિર્મિત પાણીની ટાંકી લીકેજ બંધ કરાયું

તલોદ, તા. ૧

તલોદ ખાતે દેસાઈનગર વિસ્તારમા આવેલ નવનિર્મિત પાણીની ટાંકી લીકેજ થતાં સમગ્ર અહેવાલ 'ગાંધીનગર સમાચાર' માં પ્રસિધ્ધ થતાં કોન્ટ્રાકટર દ્વારા ટાંકી ને મરામત કરી લીકેજ બંધ કરાતા પાણી પુરવઠો નિયમિત રીતે શરુ કરવામાં આવતા પ્રજા જનો માં આનંદ ની લાગણી જન્મી છે આ અંગે મળતી માહીતી મુજબ તલોદ નગર પાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યાને નિવારવા માટે અંદાજે નવ કરોડ રૂપિયા ના ખર્ચે વિવિધ વિસ્તારોમાં પીવાના પાણીની ટાંકી ના બાંધકામનુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પોયડા, સન્માન સોસાયટી, માધવ વિહાર અને દેસાઈ નગર વિસ્તારમા નવીન ટાંકી બનાવવા માટે નું આયોજન કરવામાં આવ્યું હતુ જે પૈકી દેસાઈ નગર વિસ્તારમા જર્જરીત થઈ ગયેલ પાણીની ટાંકી ની જગ્યાએ નવીન છ લાખ લિટર કેપેસિટી વાળી પાણીની ટાંકી બનાવવાનું આયોજન તલોદ નગરપાલિકાએ હાથ ધર્યું હતું અંદાજે સાઈઠ લાખ રૂપિયા ના ખર્ચે નિર્માણ પામેલ ટાંકી નુ બાંધકામ ચાલું હતુ તે દરમિયાન તલોદ નગરપાલિકા ના ઉપપ્રમુખ રૂતુંલ પટેલ અને પાણી પૂરવઠા સમિતિના ચેરમેન બાબુ ભાઈ પટેલ દ્વારા ટાંકીની બાંધકામ ની ગુણવતા અંગે ચીફ ઓફિસર ને રજૂઆત કરી હતી પણ ટાંકી ના બાંધકામ નુ સુપરવિઝન કરતી એજન્સી દ્વારા કોઈ પણ પ્રકારના પગલાં ન લેતાં નવનિર્મિત પાણી ની ટાંકી બે માસ જેટલા ટુંકા સમયમાં જ લીકેજ થતાં બે માસ જેટલા સમયગાળા માં જ ટાંકી લિકેજ થતાં આ અંગે પાણીની ટાંકીમાં કથિત ગેરરીતિ સંદર્ભે નગર પાલિકા ના ચીફ ઓફિસર દ્વારા કોન્ટ્રાકટર ને નબળા બાંધકામ અંગે નોટીસ પાઠવી ખુલાસો માગવામાં આવ્યો હતો આ સંદર્ભે કોન્ટ્રાકટર દ્વારા લીકેજ ટાંકી ને મરામત કરી નગરપાલિકા ને પુનઃ સુપ્રત કરવામાં આવતા દેસાઈ નગર વિસ્તારમા પાણી નો પુરવઠો નિયમિત રીતે ફરી થી પૂર્વવત્ થતાં સમગ્ર વિસ્તારમાં આનંદની લાગણી ફેલાઈ છે



# માત્ર ત્રણ ઈંચ વરસાદે પ્રાંતિજ પાલિકાની પ્રિમોન્સુન પોલ ખોલી : તાલુકામાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ







પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકા મા શુક્રવાર ના સાંજના સમયે મેઘરાજાએ મોટા-ફોડે ધમાકેદાર બેટિંગ કરતા માત્ર એક કલાક માજ ત્રણ ઈંચ વરસાદ ખાબકયો હતો અને બજાર સહિત નીચાણવાળા વિસ્તારોમા પાણી-પાણી થઈ ગયુ હતુ અને વરસાદી પાણી લોકોના ઘરો મા ધુસ્યુ હતુ. પ્રાંતિજ સહિત તાલુકા મા સાંજના સમયે મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતા પ્રાંતિજ સહિત તાલુકામા એક કલાક મા જયા જુવો ત્યા પાણી-પાણી થઈ ગયુ હતુ અને માત્ર એક કલાક મા ત્રણ ઈંચ વરસાદ પડતા પાણી ભરાઈ ગયુ હતુ તો બજાર હનુમાન ચોક પાસે પાણી ભરાતા થોડા સમય માટે રસ્તો બંધ કરવામા આવ્યો હતો અને પાણી ભરાતા પાણી માંથી પ્રસાર થતા અનેક નાના મોટા વાહનો બંધ પડયા હતા તો સાંજ ના સમયે વરસાદ પડતા બજાર ના વેપારીઓ સહિત બજાર મા ખરીદી કરવા આવેલ ગ્રાહકો તથા બજાર વિસ્તાર મા રહેતા લોકો સલવાયા હતા તો વરસાદી પાણી હનુમાન મંદિર મા ધુસી ગયા હતા તો પ્રાંતિજ સબજેલ પાસે આવેલ રહેણાંક વિસ્તાર મા પણ વરસાદી પાણીનો નિકાલ પુરતો ના હોય લોકોના ધરો મા વરસાદી પાણી ધુસી ગયા હતા અને લોકોને ધરોમા રહેલ વરસાદી પાણી ઉલેચવાનો વાળો આવ્યો હતો તો ચોમાસા પહેલા પ્રાંતિજ પાલિકા દ્વારા કરવામા આવતી પ્રિમોન્સુગ ની કામગીરી ઉપર અનેક સવાલો ઉઠયા હતા અને જયા જુઓ ત્યાં વરસાદી પાણી ભરાયુ હતુ ત્યારે પ્રાંતિજ પાલિકા દ્વારા ચોમાસા પહેલા ગટરો સફાઈ સહિતની પ્રિમોન્સુગ કામગીરી ના થતા લોકોને હેરાન પરેશાન થવાનો વારો આવ્યો હતો અને પ્રિમોન્સુગ કામગીરી ના થતા હાલતો નગરજનોમા પણ પ્રાંતિજ પાલિકા સામે રોષ જોવા મળી રહ્યો છે અને માત્ર ત્રણ ઈંચ વરસાદે પ્રાંતિજ પાલિકા ની પ્રિમોન્સુગ પોલ ખોલી દીધી હતી તો રોડ વચ્ચોવચ વરસાદી પાણીના નિકાલ માટે પાલિકા દ્વારા ગટર નુ ઢાંકણુ ખોલતા એક વ્યકિત ગરમા ધુસ્તા ધુસ્તા બચ્યો હતો અને તેનો આબાદ બચાવ થયો હતો તો વરસાદ પડતા પ્રાંતિજ સહિત તાલુકાના ધરતી પુત્રો મા પણ ખુશીની લહેર જોવા મળી હતી ત્યારે વરસાદ ને લઈ ને વાતાવરણ મા ઠંડક પ્રસરી જતા નગરજનોને અસહ્ય ઉકળાટ ગરમી થી છુટકારો મલ્યો હતો.

# હિંમતનગરમાં ભાજપ યુવા મોરચા દ્વારા બાઈકરેલી યોજાઈ





કેન્દ્રની નરેન્દ્રભાઈ મોદી સરકારના ૯ વર્ષ "સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના" એક મહિનાના કાર્યક્રમોના ઉજવણીના ભાગરૂપે આજે હિંમતનગરમાં શહેરના વૈશાલી સિનેમા ગ્રાઉન્ડમાંથી જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલ તથા જીલ્લા સંગઠન પ્રભારી ગજેન્દ્રભાઈ સકસેના દ્વારા યુવા મોરચાની બાઈકરેલીને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવેલ. આ પ્રસંગે પ્રદેશ ઉપાધ્યક્ષ કુ.કૌશલ્યાકુવરબા, ધારાસભ્ય વી.ડી.ઝાલા, જીલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યા, મહેન્દ્રસિંહ રહેવર, કનુભાઈ પટેલ, જીલ્લા ઉપ-પ્રમુખ જયેશભાઈ પટેલ, જયંતીભાઈ પટેલ, જીલ્લા યુવા મોરચા પ્રમુખ રાહુલભાઈ પટેલ, શહેર સંગઠન પ્રમુખ વાસુદેવભાઈ રાવલ, તાલુકા સંગઠન પ્રમુખ હસમુખભાઈ પટેલ, શહેર સંગઠન મહામંત્રી જયેશભાઈ પટેલ, બંટીભાઈ મહેતા, પાલીકા પ્રમુખ યતીનબેન મોદી, તાલુકા પંચાયત પ્રમુખ વિનોદભાઈ પટેલ, તાલુકા મહામંત્રી રાજેન્દ્રસિંહ, ભવરસિંહ, કમલેશભાઈ બારોટ, શહેર યુવા મોરચા પ્રમુખ ધ્રુવ શાહ, તથા શહેર ના કોર્પોરેટર તથા મોટી સંખ્ય મા શહેર તથા તાલુકા ના કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસામાં કાળા ડિબાંગ વાદળો સાથે મેઘરાજાનું આગમન, ભિલોડામાં ધોધમાર વરસાદથી પાણી ભરાયા, ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ





મોડાસા, તા. ૧

હવામાન વિભાગે ઉત્તર ગુજરાત સહીત અરવલ્લી જીલ્લામાં આગામી ૫ દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે અરવલ્લી જીલ્લામાં છેલ્લા કેટલાંક દિવસથી વરસાદી માહોલ સર્જાયો છે.મોડાસા શહેર સહીત જીલ્લામાં શનિવારે બપોરે આકાશમાં કાળા ડીબાંગ વાદળો ધસી આવવાની સાથે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ શરૂ થતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો ધોધમાર વરસાદ ખાબકતા વાતાવરણમાં શીત લહેર પ્રસરી હતી ભિલોડામાં મેઘરાજાએ ધબધબાટી બોલાવતા સતત એક કલાક જેટલો સમય વરસાદના પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા નગરજનોએ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અરવલ્લી જિલ્લામાં મેઘરાજા મહેરબાન બન્યા હોય તેમ છેલ્લા ત્રણ દીવસથી છૂટો છવાયો વરસાદ પડી રહ્યો છે. શનિવારે બપોરે મોડાસા,ભિલોડા અને મેઘરજ તાલુકાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે મોડાસા શહેરમાં આકાશે કાળા ડિબાંગ વાદળો છવાતા ઘનઘોર અંધારું થતા મેઘરાજા તૂટી પડશેની સંભાવના વચ્ચે વરસાદી ઝાપટું પાડવાની સાથે ઝરમઝરમ વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા લોકોને ઉકળાટ અને બફારાથી છુટકારો મળ્યો છે. અરવલ્લી જીલ્લામાં ધીમા પગલે ચોમાસુ જામી રહ્યું છે હવામાન વિભાગની આગાહી મુજબ હવામાનમાં પલટો આવતાં વરસાદી માહોલ જામવાની સાથે ક્યાંક ધોધમાર તો ક્યાંક ઝરમરીયો વરસાદ પડી રહ્યો છે. ખેતીલાયક વરસાદ પડતાં ખેડૂતોમાં ખુશીની લહેર દોડી ગઈ છે.